૭

૨૦૯ તાલુકાઓમાં સમાજ સુરક્ષા સહાયકની આઉટસોર્સ એજન્સી મારફતે કુલ-૨૦૯ જગ્યાઓનું મહેકમ મંજૂર કરવા માટેની રૂ.૧,૭૫,૫૬,૦૦૦/- નો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૨/૩૨૫૦/નબા.૦૭/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૦૪/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૧૪/૧૨/૨૦૨૧ ના પત્ર ક્રમાંક:-સસુખા/યજન/૨૦૨૧-૨૨/૨૭૪
(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૨૨/૦૩/૨૦૨૨ ના પત્ર ક્રમાંક:-સસુખા/યજન/નવી-બાબત/૨૦૨૧-૨૨/૨૯૯

પ્રસ્તાવના:-

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક:- (૧) પરના તા.૧૪/૧૨/૨૦૨૧ના પત્રથી ૨૦૯ તાલુકાઓમાં સમાજ સુરક્ષા સહાયકની ૧૧ માસ કરાર આધારિત કુલ-૨૦૯ જગ્યાઓનું મહેકમ મંજૂર કરવા માટેની રૂ.૧,૭૫,૫૬,૦૦૦/- ની નવી બાબત ૨૦૨૨-૨૩ રજુ કરવામાં આવી હતી.

સામાજિક ન્યાય અને ન્યાય અધિકારિતા વિભાગની વર્ષ ૨૦૨૨-૨૩ની બજેટ બુક નં ૨૪(ભાગ-૧)ના પાના નંબર-૯૯ ઉપર સમાજ સુરક્ષા સહાયકની ૨૦૯ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કુલ અંદાજીત રકમ રૂ.૧૬૭.૧૬ લાખની જોગવાઈ કરેલ છે, તેમજ આદિજાતી વિકાસ વિભાગની બજેટ બુક નં.૨૪(૪) પાન નં.૧૬૫ પર વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કુલ અંદાજીત રકમ રૂ.૮.૪૦ લાખની જોગવાઈ કરેલ છે.

સદરહુ થયેલ જોગવાઇ ધ્યાને લઇ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક:- (૨) પરના તા.૨૨/૦૩/૨૦૨૨ ના પત્રથી ૨૦૯ તાલુકાઓમાં સમાજ સુરક્ષા સહાયકની ૧૧ માસ કરાર આધારિત કુલ-૨૦૯ જગ્યાઓનું મહેકમ મંજૂર કરવા માટેની રૂ.૧,૭૫,૫૬,૦૦૦/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ૨૦૯ તાલુકાઓમાં સમાજ સુરક્ષા સહાયકની સેવાઓ પ્રતિ માસ રૂ.૧૪૦૦૦/-(અંકે રુપિયા ચૌદ હજાર પુરા) લેખે માન્ય એજંસી મારફત આઉટ્સોર્સીંગથી મેળવવા માટે રૂ.૧,૭૫,૫૬,૦૦૦/-નો ખર્ચ કરવાની નીચેની શરતોને અધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ-૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઈને અધિન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને અધિન આગામી નાણાકીય વર્ષમાં પ્રવર્તમાન નિયમોને અધિન આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહી. બચત રહેતી ગ્રાન્ટ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ જગ્યાઓના સેવાની કામગીરી જીલ્લા સમાજ સુરક્ષાની દરેક યોજનાની તમામ પ્રકારની કામગીરી કરવાની રહેશે.

(૭) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૮) રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) નવી મંજુર કરેલ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી લેવાની હોઇ, સામાન્ય વહિવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઇઓ ધ્યાને લેવાની રહેશે તથા જગ્યાઓ ભરવા ઉકત ઠરાવની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ (કુલ-૨૦૯)ની સેવાઓ ૧૧ માસ માટે માન્ય એજન્સી મારફતે આઉટસોર્સથી મેળવવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે ત્યાર બાદ જરૂર જણાયે થયેલ કામગીરી અને મળેલ સિધ્ધિઓ સાથે દરખાસ્ત કરીને નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧૧) વિભાગે રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી(સ.સુ)ની રહેશે.

(૧૨) સમાજ સુરક્ષા સહાયકના જોબચાર્ટને આપના દ્વારા અમલી તમામ યોજનાઓ ને અનુરૂપ અદ્યતન કરવાના રહેશે.

(૧૩) એજન્સી નિયત થયા મુજબ નિયમિત મહેનતાણુ પુરેપુરૂ ચુકવે તે અંગે નિયામકશ્રી(સ.સુ)એ યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેની સામે યોગ્ય પગલા લેવાના રહેશે.

(૧૪) નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

(૧૫) આઉટ સોર્સથી સેવા મેળવવાની હોઇ તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

(૧૬) આઉટ સોર્સીંગથી મેળવવાની સેવા જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

(૧૭) સમાજ સુરક્ષા સહાયકની નિયમિત હાજરી અને તેમના દ્વારા થતી કામગીરીની નિયમિત અને વ્યવસ્થિત મોનિટ્રિંગ થાય તે સુનિશ્ચિત કરવાના રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં.૯૨ અને ૯૬

૨૨૩૫- સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨- સમાજ કલ્યાણ

૦૦૧- નિર્દેશ અને વહીવટ

૦૧-એસ.એસ.ડબલ્યુ-૧૧ નિયામક સમાજ સુરક્ષા અને ૭૯૫-આદિજાતી વિસ્તાર

પેટા યોજના હેડ ચાર્જબલ :૨૨૩૫-૦૨-૦૦૧-૦૧

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૩/૪/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કિરેન શુક્લ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી વિભાગ નાણા (ખર્ચ), સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, મારફતે

- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, મારફતે
- સર્વે મામલતદારશ્રીઓ ,નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬,ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, મારફતે
- નાણાકીય સલાહકારશ્રી,નાણા વિભાગ (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી અમદાવાદ/ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટનન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર મારફતે.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર મારફતે.
- છ૧/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ